# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકારનું ઉપક્રમ)
બ્લોક નં. ૩,૪,૫ પ્રથમ માળ, ઉદ્યોગભવન, સેકટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧.
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૦૬૩૨,૩૪ થી ૩૭ ફેક્સઃ– ૯૫–૭૯–૨૩૨૫૦૫૮૭.


## જાહેર જનતા, અરજકર્તા અને ઉદ્યોગકારોને જાણવાજોગ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ રાજ્યમાં આયોજીત ઔદ્યોગિક વિકાસના માળખા મારફતે ઔદ્યોગિક ગતિવિધિઓને પ્રોત્સાહન આપતું રાજ્ય સરકારનું ઉપક્રમ છે. વર્ષ ૧૯૬૨ થી શરૂ થયેલ નિગમની કામગીરી હેઠળ આજ સુધી ૨૨૦ ઉપરાંત વસાહતો સ્થપાયેલ છે.

નિગમ દ્વારા તેની અપૂર્ણ વિકસીત વસાહતોમાં ઉપ્લબ્ધ ઔદ્યોગિક મિલ્કતો માટે સમયાંતરે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓમાં અરજદારની ઉદ્યોગ કરવાની નાણાંકીય ક્ષમતા, ઔદ્યોગિક અનુભવ, પ્રોજેક્ટ રીપોર્ટ, રોજગારીનું સર્જન, નવી તકનીક, ઘન/પ્રવાહી કચરાના નિકાલ જેવા નિયત માપદંડોને ધ્યાને લઈ સ્કિર્નિંગ સમિતિ દ્વારા તેની ચકાસણી કર્યાબાદ ફાળવણી અંગેનો નિર્ણય લેવામાં આવે છે.

નિગમ દ્વારા કરવામાં આવતી મોટાભાગની પ્રક્રિયા ઓનલાઈન છે. જેમા અરજી, ફી ચૂકવણી, દસ્તાવેજો અપલોડ કરવા, ખૂટતા દસ્તાવેજો મંગાવવા, અરજદારને સમિતિ સમક્ષ હાજર રહેવા જાણ કરવી અને અંતે થયેલ નિર્ણયની જાણ કરવી વગેરે ચરણોનો સમાવેશ થાય છે.

નિગમની ઉપરોક્ત પ્રક્રિયામાં અરજદારોને મદદ કરવા નિગમની વડી કચેરી તેમજ તમામ ક્ષેત્રિય કચેરીઓ ખાતે હેલ્પડેસ્ક ઉપલબ્ધ છે. આ ઉપરાંત કાર્યરત દિવસોમાં કચેરી સમય દરમિયાન હેલ્પલાઈન નંબર : 09879110007, 09879110463, 09879110478, 09879110482 થી જરૂરી માહીતિ, માર્ગદર્શન આપવામાં આવે છે.

નિગમ દ્વારા કોઈ પણ એજન્ટ, એજન્સી, ગ્રુપ / જૂથ ને કોઈ પણ પ્રકારની કામગીરી સોંપવામાં આવેલ નથી. આવા પ્રકારના લેભાગુ, છેતરામણા, ખોટા વચનો આપતાં તત્વોથી દૂર રહેવા, તેમની સાથે કોઈ પણ પ્રકારનો નાણાંકીય કે દસ્તાવેજી વ્યવહાર ન કરવા તમામ અરજકર્તાઓને જાણ કરવામાં આવે છે.

સંપૂર્ણ પારદર્શકતા, ઉદ્યોગ હીતકારી અને સમયબદ્ધ કામગીરી એ નિગમને લાક્ષણિકતા છે, જે તમામ ઉદ્યોગકાર અને અરજકર્તાઓએ ધ્યાનમાં લેવા વિનંતી છે તથા નિગમની ફાળવણી વિષયક કે અન્ય કોઈ પણ પ્રકારની કામગીરી અર્થે અરજદાર / ફાળવણીદાર પોતે સંલગ્ન ક્ષેત્રિય કચેરીના હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે.

તારીખ: ૨૫-૦૩-૨૦૨૧
સ્થળ : ગાંધીનગર

સહી/-
એમ.થેન્નારસન
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
ગુ.ઔ.વિ.નિ. – ગાંધીનગર.